# વિસ્ફોટ : શાંતિગ્રામ અદાણીમાં કોરોનાના એક સાથે પાંચ કેસ નોંધાયા

## એક વિદ્યાર્થી, બે જૈફ વયના દર્દીઓ મળી આવ્યા : સઘન સર્વેલન્સ માટે કડક સૂચનાઓ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના એક સાથે પાંચ કેસ નોંધાતા તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. આ પાંચેય દર્દીઓ એક જ વિસ્તારમાંથી મળતાં ચોંકેલા તંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે.

ગત ૧૩મી ડિસે.ના રોજ અદાણી શાંતિગ્રામમાંથી મળેલા કેસ પછી આજરોજ તંત્રની ટીમોએ હાથ ધરેલા સર્વેલન્સ દરમ્યાન વોટરલીલી વિસ્તારમાંથી પાંચ કેસ મળ્યા છે.

આજે મળેલા પાંચ કેસમાં એક વિદ્યાર્થી, ત્રણ પુરૂષ અને એક મહિલાનો સમાવેશ થાય છે.

કલોલ તાલુકાના ધાનજ પ્રા.આ. કેન્દ્રની હદમાં આવેલ જાસપુર નજીકના શાંતિગ્રામ અદાણીના વોટરલીલીમાંથી મળેલા આ કેસોને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટેની સૂચનાઓ જારી કરી છે.

આજે નોંધાયેલા પાંચ કેસમાં બે દર્દી જૈફ વયના મળ્યા છે. આ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે એક દર્દી કોરોનામુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં મળેલા આ પાંચ કેસને પગલે તંત્રએ ૩૨૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જિલ્લામાં હાલ ૬ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. બધા જ એક્ટીવ કેસ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમની અમલવારી માટે પણ ખાસ સૂચનાઓ આપી છે.

જિલ્લામાં એક સાથે પાંચ કેસ ઘણા સમય પછી નોંધાયા હોવાથી તંત્ર હવે સતર્ક બની ગયુ છે. દરેક તબીબી અધિકારીને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા અને શંકાસ્પદ જણાય તેનું ટેસ્ટીંગ કરવા માટેની સૂચનાઓ આપી છે.




બેંકિંગ ફાયદા (સુધારા) બિલ પાછુ ખેંચવાની માંગ સાથે દેશભરના બેંક કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે. ગાંધીનગરની તમામ બેંકોના કર્મચારીઓ આ હડતાલમાં જોડાતા શહેરની બેંકો બંધ રહી હતી. બે દિવસ હડતાલ હોવાથી કરોડોના બેન્કીંગ વ્યવહારો ઠપ્પ થયા હતા. બેંકોના કર્મચારીઓએ એકત્ર થઈ સેક્ટર-૧૬ બેંક વિસ્તારમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કર્યા હતા.

# વાયબ્રન્ટ સમિટ માટે હોટલ લીલાના તમામ રૂમ બુક કરાયા

## અમદાવાદ એરપોર્ટ, શહેર અને હાઇવેની તમામ હોટલોમાં પણ બુકીંગ કરી દેવાયા, ૨૦૦૦થી વધુ વાહનો ભાડે લેવાની કાર્યવાહી શરૂ કરાઇ છે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં ઓમિક્રોનના ભય વચ્ચે ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારી વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના મહેમાનો માટે હોટલો અને ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનોનું બુકીંગ શરૂ કરવામાં આવ્યું છે. આ સમિટ માટે ગાંધીનગરના રેલવે સ્ટેશન પર બનાવેલી ફાઈવસ્ટાર હોટલ લીલા બુક કરી દેવામાં આવી છે. આ હોટલના ૪૦૦ રૂમ બુક થઈ ચૂક્યાં છે. અમદાવાદની હયાત રિજન્સીમાં વિવિધ રૂમ બુ કરાવવામાં આવ્યા છે.

રાજ્યની ૧૦મી વાયબ્રન્ટ સમિટ મોટાભાગે વર્ચ્યુઅલ તરફ આગળ વધી રહી છે પરંતુ જે દેશ અને રાજયમાંથી ડેલિગેટ્સ તેમજ બિઝનેસ ડેલિગેશન તરફથી સ્વિકૃતિ મળી છે તેમના માટે એકોમોડેશનની જવાબદારી રાજ્ય સરકારે લીધી છે. સરકારનો અંદાજ છે તે આ વખતે ૫૦૦૦થી વધુ ગેસ્ટ સમિટમાં ભાગ લેવા માટે આવી શકે તેમ છે તેથી ગાંધીનગર ઉપરાંત અમદાવાદની ફાઈવસ્ટાર હોટલો તેમજ ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલી હાઈવે હોટલો ઉપરાંત એરપોર્ટની થ્રી સ્ટાર અને ફાઈવસ્ટાર હોટલોનું બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે.

બીજી તરફ મહેમાનોને હોટલમાંથી સમિટના સ્થળે આવવા તેમજ પાછા લઈ જવા માટેના સાધનો પણ બુક કરવામાં આવી રહ્યાં છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક તબક્કે ૨૦૦૦ વાહનોનું બુકીંગ કરવામાં આવ્યું છે જે બધાં ભાડે લેવામાં આવશે. આ વાહનોમાં ૮૦ ટકા પ્રિમિયમ કાર છે.

સરકારે જે હોટલોમાં રૂમ બુક કરાવ્યા છે તેનું ભાડું ૧૦ હજારથી શરૂ થાય છે. હોટલ લીલામાં ૫૦ હજારના પણ રૂમ છે. અમદાવાદની હોટલોમાં રૂમના એક દિવસનું ભાડું ૧૦ હજાર થી ૮૦ હજાર રૂપિયા સુધીનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મીએ મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરવાના છે ત્યારે તેમની સાથે વિદેશના ટોચના ડિપ્લોમેટ્સ, ડેલિગેટ્સ અને દેશના ઉદ્યોગપતિઓ જોડાવાના છે. સમિટના સ્થળે આવનારા તમામ પ્રતિનિધિ માટે કોરોના ટેસ્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એટલું જ નહીં વેક્સિનના બે ડોઝ લીધા હશે તેમને સમિટમાં પ્રવેશ આપવામાં આવશે.

# પંચાયતોની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજથી શમી જશે

## પ્રચાર અભિયાન ચરમસીમાએ : જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં પ્રચાર અભિયાન સોશ્યલ મિડિયા ઉપરાંત જાહેરમાં હોર્ડિંગ્સ લગાવી તેમજ ગૃપ બેઠકો યોજી વધુ આક્રમક જોવા મળ્યુ હતુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેર પ્રચાર અભિયાન ચરમસીમાએ પહોંચ્યુ છે જે આજે સાંજે પાંચ વાગ્યાથી બંધ થશે. જો કે આ પછી ઉમેદવાર ડોર ટુ ડોર પ્રચાર અભિયાન કરી શકશે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં પ્રચાર અભિયાન સોશ્યલ મિડિયા ઉપરાંત જાહેરમાં હોર્ડિંગ્સ લગાવી તેમજ ગૃપ બેઠકો યોજી વધુ આક્રમક જોવા મળ્યુ હતુ.

જિલ્લામાં પ્રચાર અભિયાનમાં મિત્રમંડળની રાજનીતિએ આ વખતે વધુ પેચીદુ રાજકારણ બનાવ્યુ છે. કેટલાક ગામોમાં તો પક્ષના રાજકીય આગેવાનો પાછલા બારણે સક્રિય થયેલા જણાયા હતા.

આ વખતના પ્રચાર અભિયાનમાં બ્રેડ, તુવેરદાણાની બોલબોલા વધુ જોવા મળી છે.

જિલ્લામાં ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. જ્યારે પાંચ ગ્રામ પંચાયતો અંશતઃ સમરસ થઈ છે. ૭૧ વોર્ડમાં એક પણ ઉમેદવાર ન નોંધાતા ત્યાં ચૂંટણી થશે નહિ.

રવિવારે મતદાન માટેની તંત્ર દ્વારા તૈયારીઓ લગભગ સંપૂર્ણ થઈ ગઈ છે. આ માટે તાલિમ પણ આપી દેવામાં આવી છે.

જિલ્લામાં સરપંચની ૧૫૨ જગ્યા માટે ૫૩૯ ઉમેદવારો અને સભ્યપદ માટે ૧૩૨૩ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણીનો આ જંગ રસાકસીભર્યો બનશે તેમ હાલ ગ્રામ્ય વિસ્તારનો માહોલ જોતાં લાગી રહ્યું છે. આ જંગમાં હારજીતનું માર્જીન ઘણુ ઓછુ રહેશે.

# શહેરમાં ચિકનગુનિયાના ૮૬ કેસ નોંધાયા

## મેલેરિયાના ૧૯૮ અને ડેન્ગ્યુના ૨૯૯ કેસ નોંધાયા : ચિકનગુનિયાના કેસોની સંખ્યામાં વધારો થયો હોવાનો તંત્રનો એકરાર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં ચાલુ વર્ષે મેલેરિયા અને ડેન્ગ્યુના પ્રમાણમાં ચિકનગુનિયાના કેસો વધુ નોંધાયા છે.

શહેરમાં અગાઉના વર્ષોની તુલનામાં વાહકજન્ય રોગચાળાના કેસો ઓછા નોંધાયા છે પરંતુ ચાલુ વર્ષે ચિકનગુનિયાના કેસો અગાઉના વર્ષોની તુલનામાં વધુ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં ચિકનગુનિયાના આ વર્ષે ૮૬ કેસ નોંધાયા છે. જે અગાઉના ત્રણ વર્ષની તુલનામાં વધુ છે.

શહેરમાં આ વખતે ક્લાઈમેટ ચેઈન્જની સૌથી વધુ અસર વાહકજન્ય રોગચાળામાં જોવા મળી છે. આ વર્ષે શહેરમાં મેલેરિયાના ૧૯૮ કેસ, ડેન્ગ્યુના ૨૯૯ કેસ નોંધાયા છે. શહેરમાં ડેન્ગ્યુના કેસો નિયંત્રણમાં રહ્યા હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. જો કે અગાઉના વર્ષે ડેન્ગ્યુના નોંધાયેલા કેસો ૭૦૦ થી વધુ હતા જેની સામે આ વખતે માત્ર ૨૯૯ કેસ નોંધાયા છે.

સઘન સર્વેલન્સ અને પોરાનાશક કામગીરી અસરકારક સાબિત થઈ હોવાનું તંત્રનું માનવુ છે. ડેન્ગ્યુના કેસો આંકડામાં ઘટ્યા છે પરંતુ ખાનગી દવાખાનાઓમાં પણ આ કેસો નોંધાયા છે.

ચિકનગુનિયાના કેસોમાં વધારો જોવા મળ્યો છે. તે બાબતને તંત્રએ ગંભીરતાથી લઈ અને આ બાબતે અભ્યાસ કરવા માટેનું મન બનાવી લીધુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉદ્યોગભવનમાં માસ્ક નહીં પહેરનાર તેમજ ધુમ્રપાન કરનારને દંડ થશે

## માસ્ક ન પહેરનારને રૂ ૨૦૦ અને ધુમ્રપાન કરનારને ૫૦૦ નો દંડ : કોવિડનુ સંક્રમણ ફેલાતુ અટકાવવા સંકુલમાં ઠેર ઠેર નોટીસ ચિપકાવાઇ

ગાંધીનગર તા ૧૬

ઓમીક્રોનના આગમન બાદ કોવિડનો ખતરો વધી ગયો છે. ત્યારે નવા વેરિયન્ટને ફેલાતો અટકાવવા માટે જનજાગૃતિ અનિવાર્ય છે. છેલ્લા ઘણાં સમયથી નગરના જનજીવનમાં કોવિડની ગાઈડલાઈડનુ પાલન થતુ હોવાનો અણસાર પણ આવતો નથી ત્યારે શહેરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ રોજબરોજ જુદા જુદા શહેરોમાંથી આવતા મુલાકાતીઓ અને કર્મચારીઓને અનુલક્ષી કોવિડના મામલે વિશેષ સાવધાની વર્તવાની અનિવાર્યતા છે. ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત વિશાળકાય ઉદ્યોગ ભવનના બિલ્ડીંગમાં પણ વિવિધ વિભાગો અને બોર્ડ નિગમની કચેરીઓ આવેલી છે. ત્યારે હવે ઉદ્યોગ ભવન સંકુલમાં માસ્ક વગરના મુલાકાતીઓ પાસેથી રૂ ૨૦૦ દંડ તેમજ ધુમ્રપાન કરનારા કે થુંકનારા પાસેથી રૂ ૫૦૦ નો દંડ વસુલવામાં આવશે. આ સંબંધિત નોટીસ પણ ઉદ્યોગભવન સંકુલમાં લગાવી દેવામાં આવી છે.

કોરોનાનુ સંક્રમણ ફેલાતુ અટકે તે માટે પ્રત્યેક નાગરિકે જાગૃતિ દાખવવી અનિવાર્ય છે. શહેરમાં અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે આ કચેરીઓમાં વિવિધ શહેરમાંથી મુલાકાતીઓ કે કર્મચારીઓ આવતા હોય છે. આમ પણ વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી શહેરમાં ચહલ પહલ વધી છે. જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત વિશાળકાય ઉદ્યોગ ભવનના બિલ્ડીંગમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટ : મહાત્મા મંદિર આસપાસ પેવર બ્લોક અને સ્ટેશનની દિવાલ પર પેઈન્ટીંગ

## સિગ્નલ અને કેમેરા લગાવાયા સલામતીની સાથે હવે સુશોભનની કામગીરી પણ હાથ ધરાઇ






ગાંધીનગર તા ૧૬

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિવિધ ઠેકાણે કામગીરી ચાલી રહી છે. એકબાજુ માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહ્યુ છે. નગરના મુખ્યમાર્ગોને આકર્ષક બનાવવા માટે પણ પેવરકામ તેમજ બ્યુટિફિકેશનનુ આયોજન કરાયુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મહાત્મા મંદિર પાસે પણ સિગ્નલ અને કેમેરા મુકવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત હાલ મહાત્મા મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક ફીટ કરવામાં આવી રહ્યા છે. જયારે રેલવે સ્ટેશનની બહારની બાજુની દિવાલે પેઈન્ટીંગ પણ કરવામાં આવી રહ્યુ છે.

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટિને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહીત દેશ વિદેશના મહાનુભાવો હાજરી આપવાના છે જેને અનુલક્ષી નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે કામગીરી ચાલી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી શહેરમાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન થઈ શક્યુ ન હતુ. કોવિડના કહેર વચ્ચે વાઈબ્રન્ટનુ આયોનજ કરી શાકય તેમ ન હોવાથી માર્ગો તેમજ ફુટપાથની મરામત પણ લાંબા સમયથી હાથ ધરવામાં આવી ન હતી છેલ્લા ઘણાં સમયથી શહેરના માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. જેમાં વરસાદી દિવસોના અંતે માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. જયારે ફુટપાથ પર પણ ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી નગરના મુખ્યમાર્ગોની સુધારણા તેમજ ફુટપાથનુ રીપેરીંગ અને કલરકામ પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ રંગરોગાન કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોને પણ ટ્રીમીંગ કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટ જયાં યોજવાની છે તેવા મહાત્મા મંદિરને

● અનુસંધાન પાન-૭ પર

# રાયસણની એલઆઈજી આવાસ યોજનાના ૧૫ મકાનો ગુડાએ સીલ કરી દીધા

## અગાઉ ભાડુઆત મામલે નોટીસ આપી હતી : નોટીસના અંતે પણ આવાસો ખાલી ન કરાતા આજે સ્થળ તપાસ દરમિયાન ગુડાએ આવાસો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી : ગુડાએ અત્યાર સુધી ભાડુઆતના કીસ્સામાં ૪૮ મકાનો સીલ કર્યા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્માણ કરાયેલા આવાસોમાં લાભાર્થીઓના બદલે ભાડુઆતો રહેતા હોય તેવા કીસ્સામાં મકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અગાઉ નોટીસ આપ્યા બાદ પણ મકાનો ખાલી ન કરાયા હોય તેવા કિસ્સામાં આવાસો સીલ કરવા માટે ગુડાએ હવે કડક કાર્યવાહી શરૂ કરી છે ગુડાએ આજે પણ આ મામલે રાયસણમાં સ્થળ તપાસ કરીને ૧૫ એલ આઈ જી મકાનો સીલ કર્યા હતા. અગાઉ ગુડાએ ૨૫૦ થી વધુ આવાસોમાં ભાડુઆતનો મામલે નોટીસ આપી હતી જેના અંતે પણ આવાસોમાંથી ભાડુઆતો દુર ન થતા આખરે આજે ગુડાએ મકાનો સીલ કર્યા હતા. અત્યાર સુધીમાં ગુડાએ ૪૮ મકાનો સીલ કર્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં નિર્માણ કરાયેલા ગુડાના એલ આઈ જી આવાસોમાં છેલ્લા ઘણાં સમયથી ભાડુઆતો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ ભાડુઆતોના મામલે આવાસ યોજનામાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. ચિલોડા, અડાલજ અને રાયસણની આવાસ યોજનામાં ભાડુઆતોની સંખ્યા વિશેષ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. એકબાજુ સ્થાનિકોને આવાસોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ ન થતી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. ત્યારે ગુડા કક્ષાએથી અત્યાર સુધી આવાસોની જાળવણી મામલે પણ નિરસતા દાખવવામાં આવી છે. રાયસણ સહીતની આ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં આજે રાજ્યનાં નવા ૬૮ કેસ નોંધાયા છે. તો ૪૩ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૬૮૭ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ વધીને ૯૮.૭૧ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૨,૯૪,૫૩૨ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૫૮૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૭૪ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૭,૬૮૭ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે ૧૦૧૦૦ નાગરિકોનાં કોરોનાને કારણે કુલ મોત થયા છે.

આજના કોરોના કેસના આંકડાઓની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૦ કેસ નોધાયા છે, અને ૯ લોકો ડિસ્ચાર્જ થયા છે. તેવી રીતે વડોદરા કોર્પોરેશનમાં ૧૨ કેસ નોંધાયા છે અને ૫ લોકો ડિસ્ચાર્જ થયા છે. સુરત કોર્પોરેશનમાં ૯ કેસ અને ૫ ડિસ્ચાર્જ, રાજકોટ કોર્પોરેશનમાં ૭ કેસ, ૩ ડિસ્ચાર્જ, ગાંધીનગરમાં ૫ કેસ, ૧ ડિસ્ચાર્જ, નવસારી ૫ કેસ, જામનગર કોર્પોરેશનમાં ૩ કેસ, ૪ ડિસ્ચાર્જ, કચ્છમાં ૨ કેસ, પાંચ ડિસ્ચાર્જ, અને સુરતમાં ૧ કેસ નોંધાયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com